"નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ-૧૯૫૫ અને અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ (અ.નિ) અધિનિયમ-૧૯૮૯ ના અસરકારક અમલીકરણ માટે અલ્ટ્રા મોર્ડન કોલ સેન્ટર જેવુ સર્વિસ પોર્ટલ બનાવવા માટે જરૂરી કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, યુ.પી.એસ, ટેલીફોનના ઇન્સ્ટ્રુમેન્ટ સહિતના ટેકનિકલ સાધનોને GeM પોર્ટલ પરથી ખરીદવા અંગે મંજૂરી આપવા બાબત."

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:પટલ/૧૦૨૦૧૯/૫૫૭૮૭૫/હ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૪/૧૦/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૨/૧૦/૨૦૨૧નો પત્ર

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૧૬/૧૨/૨૦૨૦નો પત્ર ક્ર.અજાક/છ-૭/૨૦૨૦/૭૪૬૫

(3) ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, NIC, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૫/૧૨/૨૦૨૦નો ઇ-મેઇલ પત્ર

(૪) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૪/૧૨/૨૦૨૦નો પત્ર ક્ર.અજાક/રેકર્ડ/૭૬૮/૨૦૨૦/ખ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા.૨૪/૦૮/૨૦૨૧નો પત્ર ક્ર.અજાક/રેકર્ડ/૬૭૫/૨૦૧૦/ખ

(૬) વિભાગની આઇ.ટી કમિટીની તા.૨૭/૦૮/૨૦૨૧ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ

પ્રસ્તાવના:

નાગરિક હક્ક સંરક્ષણ અધિનિયમ- ૧૯૫૫ અને અનુસૂચિત જાતિ/જનજાતિ(અત્યાચાર નિવારણ) અધિનિયમ-૧૯૮૯ના અસરકારક અમલીકરણ કરવા તથા તમામ રાજ્યોમાં રાજ્ય કક્ષાએ એટ્રોસીટીને લગત ફરિયાદ અન્વયે એટ્રોસીટી હેઠળ ભોગ બનતા ઈસમોને F.I.R (એફ.આઇ.આર) થવાથી કોર્ટમાં કેસ સાબિત કે ના-સાબિત થાય ત્યાં સુધી જુદા જુદા તબક્કે પડતી

તકલીફોના નિવારણ અંગે ૨૪×૭ અલ્ટ્રા-મોર્ડન કોલ સેન્ટર શરૂ કરવા વંચાણે લીધા ક્રમાંક (૧) થી ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીના પત્રથી જણાવેલ હતું. જેના અનુસંધાને વંચાણે લીધા ક્રમાંક (૨) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી વિચારણા હેઠળના અલ્ટ્રા મોર્ડન કોલ સેન્ટરમાં જરૂરી ટેકનિકલ સાધનોમાં ક્યા પ્રકારના સ્પેસિફિકેશન નક્કી કરવા તથા તે મુજબના સાધનો વસાવવા સ્પષ્ટીકરણ સાથે માર્ગદર્શન થઈ આવવા વિનંતી કરેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૩)થી ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ,NIC, સચિવાલય, ગાંધીનગરના તા.૧૫/૧૨/૨૦૨૦ના ઇ-મેઇલ પત્રથી કોલ સેન્ટર અંગેની તમામ સ્પષ્ટતાઓ અને જરૂરી સાધન-સામગ્રીની સ્પેસિફિકેશન તથા અન્ય જરૂરી જરૂરીયાતો દર્શાવી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરને કાર્યવાહી કરવા જણાવેલ હતું. વંચાણે લીધા ક્રમાંક (૪) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરના પત્રથી ઉક્ત સ્પેસિફિકેશન વાળા સાધનો તેઓની કચેરીમાં ઉપલબ્ધ ન હોઈ, નવા ખરીદવા દરખાસ્ત અત્રે મોકલી આપેલ હતી જે દરખાસ્ત અન્વયે વિભાગની આઇ.ટી.કમિટીમાં તા.૨૭/૦૮/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં ઉક્ત સાધનો ખરીદવા અંગેની બાબત વિચારણામાં લેવામાં આવેલ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમાંક (૬) થી વિભાગની આઇ.ટી કમિટીની તા.૨૭/૦૮/૨૦૨૧ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ પારા ક્ર.૦૨ના સબ પારા (૧)થી એટ્રોસીટીને લગતી ફરિયાદ અન્વયે ભોગ બનનાર ઇસમોને પડતી મુશ્કેલીઓના નિવારણ માટે રાજ્યકક્ષાએ અલ્ટ્રા મોર્ડન કોલ સેન્ટર શરૂ કરવા માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, યુ.પી.એસ, ટેલીફોનના ઇન્સ્ટ્રુમેન્ટ સહિતના ટેકનિકલ સાધનો ખરીદવા બાબતની નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરની દરખાસ્તને મંજૂરી આપવામાં આવેલ હોઈ, નીચે મુજબના ટેબલમાં દર્શાવેલ અંદાજિત ખર્ચ દર્શાવતી ઇલેક્ટ્રોનિક આઇટમો GeM પોર્ટલ મારફતે ખરીદવાનું આથી ઠરાવવામાં આવે છે.

| ક્રમ | ઇલેક્ટ્રોનિક આઇટમ | નંગ | અંદાજિત ખર્ચ(રૂપિયા) |
|---|---|---|---|
| ૧ | All in one PC | ૧ | રૂ.૪૬,૫૦૦/- |
| ૨ | RJ 11 Headset | ૧ | રૂ.૨૫૦૦/- |
| ૩ | USB Headset for soft phone | ૧ | રૂ.૭,૫૦૦/- |
| ૪ | Printer Cum Scanner | ૧ | રૂ.૩૨,૦૦૦/- |
| ૫ | UPS | ૧ | રૂ.૬,૬૦૦/- |
| | | કુલ | રૂ.૯૫,૧૦૦/- |

આ અંગે થનાર ખર્ચ માંગણી નંબર :- ૯૫, મુખ્ય સદર:- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર:- ૮૦૦ અન્ય ખર્ચ, પેટા સદર:- 03 SCW-21 નાગરીક એકમ સદરે થયેલ જોગવાઇમાંથી ઉધારવાનો રહેશે.

૨. આ હુકમો આ વિભાગની ફાઇલ પર અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં વિભાગ)ની તા.૦૨/૦૬/૨૦૨૧ની તેમજ અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ની તા.૧૧/૧૦/૨૦૨૧ની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ બલદાણિયા)
ઉપસચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨ જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, NIC, સચિવાલય, ગાંધીનગર
- મામલતદારશ્રી, ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સેલ, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- તકેદારી અધિકારીશ્રી, અમદાવાદ, રાજકોટ, વડોદરા
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ શાખા,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર મૂકવાની વિનંતીસહ
- સિલેકટ ફાઇલ- ૨૦૨૧.